# વસંત વગડે ચોકીદારે ચોરી કરી

## બાપુના બગલે વર્ષોથી નેપાળી પરિવારે ૧૨ તોલા સોનાના દાગીના અને બે લાખ રોકડા ચોરી કરી પલાયન

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના રાજકારણમાં આગવુ સ્થાન ધરાવનાર અને રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના નિવાસ સ્થાન વસંત વગડો માંથી ચોરીની ઘટના બનવા પામી છે. બાપુના બંગલામાં કામ કરતું નેપાળી દંપતિ રૂ. ૨ લાખના સોનાના દાગીના અને રૂ.૩ લાખ રોકડા મળી કુલ રૂ.૫ લાખની મત્તા લઈને રફુચક્કર થઈ ગયા છે. ગત્ ઓકટોબર માસમાં થયેલી ચોરીની જાણ થોડા સમય અગાઉ થવા પામી છે. જેને પગલે રવિવારની રાત્રે બાપુના બંગલે પર્સનલ ઓફિસમાં કામ કરતા સુર્યસિંહ ચાવડા એ પેથાપુર પોલીસ મથકમાં ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે મુળ નેપાળના બાસુદેવ નેપાળી ઉર્ફે શંભુ ગુરખા અને તેની પત્ની શારદા નેપાળી સામે પોલીસે ગુનોં નોંધી આગળની કાર્યવાહી શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરને અડીને ક - ૭ પાસે આવેલા રાજકીય આગેવાન શંકરસિંહ વાઘેલા બાપુના નાના બહેનના દિકરાના લગ્ન પ્રસંગ હોવાથી ઓકટોબર માસ પહેલાના સમયે ઘરના સૌ સભ્યોએ એકઠા થઈને રૂ.૩ લાખ વ્યવહાર કરવા માટે ગુલાબબા શંકરસિંહ વાઘેલાને આપ્યા હતા. તે ઉપરાંત લગ્ન પ્રસંગે પહેરવા માટે સોનાના બે હાર, સોનાની બંગડીઓ, એક ચેઈન સહિત રૂ.૨ લાખના સોનાના દાગીના અંદાજીત ૧૦ થી ૧૨ તોલા ગુલાબબા પાસે હતા. ગત્ ફેબુઆરી માસમાં લગ્ન પ્રસંગે કબાટમાં જોતા રૂપીયા અને દાગીના ગાયબ હતા. શંભુ ગુરખા પોતાની પત્ની અને બાળકો સાથે વસંત વગડો ખાતે છેલ્લા એકાદ વર્ષથી રહેતો હતો અને બંગલામાં સફાઈનું કામકાજ કરતો હતો. ગત્ ઓકટોબર માસમાં શંભુ ગુરખા બાળકોને ભણવા માટે નેપાળ મુકવાનું કહીને પરિવાર સાથે નીકળ્યો હતો. ફેબુઆરીમાં રૂપીયા અને દાગીના ગુમ થતા શંકરસિંહ બાપુએ ફોન કર્યો હતો, ત્યારે શંભુએ થોડા સમયમાં પરત આવીશ તેમ જણાવ્યું હતું. પરંતુ આજદિન સુધી તે પરત ફર્યો નથી. જેને પગલે આ દંપતિએ જ ચોરી કરી હોવાની શંકા પ્રબળ બનતા તેમની સામે વસંત વગડા ખાતે આવેલી પર્સનલ ઓફીસમાં ફરજ બજાવતા સુર્યસિંહ ચાવડાએ ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. પોલીસે ગુનોં નોધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે ઉલ્લેખનીય છે કે બાપુના મિત્રના કહેવાથી બાસુદેવ નેપાળીને ચાર વર્ષથી નોકરી પર રાખવામાં આવ્યો હતો. જયારે તેની પત્ની શારદા અને બાળકો છેલ્લા એક વર્ષથી ગાંધીનગર વસંત વગડા ખાતે આવ્યા હતા.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મારો દિકરો ચોકીદાર છે... આનાથી વધુ તમારી દિકરીને શું જોઈએ...

## કેનાલના સાયફનના દરવાજામાં ફસાઈ જતાં કર્મચારીનું મૃત્યુ : ૧૮ કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કઢાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલ પર કરાઈ પાસે સાયફન બનાવવામાં આવ્યું છે. નર્મદા કેનાલનું પાણી અહીં રોકવામાં આવે છે. જેથી આ સાયફન ખાતે મોટા દરવાજા ફીટ કરવામાં આવ્યા છે. આ દરવાજાની મરામત માટે ખાનગી એજન્સીના કર્મચારીનું મૃત્યુ નિપજયુંછે. સાયફનના ગેટમાં ફસાઈ જતા કર્મચારીના મૃત્યુ બાદ ૧૮ કલાકની ભારે જહેમત બાદ કર્મચારીનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ રવિવારના રોજ બપોરના સમયે મુંબઈ ખાતે વસવાટ કરતો ૪૩ વર્ષિય સંજીત શેટ્ટી (મુળ વતન - બેંગ્લોર) માસ્ક સાથે સાયફનના દરવાજાની મરામત માટે ઉતર્યો હતો. દરવાજાની મરામતમાં કુશળ ગણાતો કર્મચારી સંજીત શેટ્ટી કોઈ કારણોસર દરવાજામાં ફસાઈ ગયો હતો. આ બનાવની જાણ થતા ગાંધીનગર અને અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમ તેમજ ડભોડા પોલીસ ઘટના સ્થળે તાત્કાલીક દોડી આવી હતી. જો. કે સાયફનના કારણે એનડીઆરએફની ટીમને પણ જાણ કરાઈ હતી અને બચાવ કામગીરી શરુ કરી હતી. પાણીના ફોર્સના કારણે બચાવ કામગીરી માટે નીચે જતા કર્મચારીઓ પણ પાણીના ફોર્સને કારણે નીચેની બાજુ પરત ફરતા હતા. મોડીરાત સુધી બચાવ કામગીરી હાથ ધરી હતી પરંતુ કંઈ હાથ લાગ્યું ન હતું. ત્યારે સોમવારના રોજ મુંબઈથી આવેલા એક મરજીવાએ એનડીઆરએફની મદદથી અંદર ઉતરીને મૃતદેહને બહાર નીકાળ્યો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે જાણવા જોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.




**હોળી મનાવવા વતન ભણી...**

હોળી-ધુળેટી તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. રાજસ્થાનમાં હોળીનું આગવું વિશેષ મહત્વ રહેલું છે. હોળી રંગેચંગે ઉજવવા પરપ્રાંતિય રાજસ્થાની વતનમાં જઈ તહેવાર ઉજવવા મશગુલ બનવા તત્પર બન્યા છે. ત્યારે અમદાવાદથી ઉદેપુર જતા નેશનલ હાઈવે-૮ પરના મુખ્ય મથક ગણાતા ચિલોડા જંકશને સતત ધમધમતા મુસાફરો પોતાનો ધંધો રોજગાર છોડી હોળી ધુળેટી તહેવાર મનાવવા સૌ રાજસ્થાની તહેવાર રસિકો ખાનગી વાહનો દ્વારા છાપરે બેસી વતન ભણી રવાના થઈ રહ્યા છે. ખાનજી જીપો તથા લકઝરી બસના છાપરે ચડી જીવના જોખમે મુસાફરી કરી રહ્યા છે.

## શાળામાં ઈકો ફ્રેન્ડલી અને આયુર્વેદિક રીતે હોળીની ઉજવણી

શહેરની શાળાઓમાં ઈકો ફ્રેન્ડલી અને આયુર્વેદિક રીતે હોળી મનાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા એક હજાર કિલો ફૂલોથી ઉત્સાહભેર ધૂળેટી મનાવવામાં હતી. વાતાવરણના શુધ્ધિકરણ માટે સ્કૂલના પટાંગણમાં કપૂર, લોબાન, ગૌ-મૂત્ર, જટામસી જેવા તત્વોનો ઉપયોગ કરીને હોલીકા દહન કરવામાં આવી હતી. હોલીકા દહન બાદ હોલી રસીયા ગીતોની રમઝટ સાથે ૪૦૦ વિદ્યાર્થીઓ અને ૧૦૦ શિક્ષકો દ્વારા ૧ હજાર કિલો ફૂલોથી ધુળેટી મનાવવામાં આવી હતી. હોળીની સાત્વિક અને પરંપરાગત રીતભાતનો વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે ઈકો ફ્રેન્ડલી હોળીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈકોફ્રેન્ડલી હોળીમાં જે ફૂલ ભગવાનને ચઢતા નથી તેવા ગલગોટાના ફૂલો લાવીને વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ધુળેટી મનાવવામાં આવી હતી. નાના બાળકો વિવિધ વેશભૂષા સાથે આવ્યા હતા. અને હોળી-ધુળેટી મનાવી હતી.

### મનોહર પર્રિકરના દુઃખદ નિધન અંગે સંવેદના વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગોવાના મુખ્યમંત્રી મનોહર પર્રિકરના દુઃખદ નિધનના સમાચાર જાણી ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી છે. બહુમુખી પ્રતિભા ધરાવતા કુશળ પ્રશાસક અને રાજનીતિજ્ઞ સ્વર્ગસ્થ મનોહર પર્રિકર રાષ્ટ્ર અને સમાજની સેવામાં જીવનપર્યંત કાર્યરત રહ્યા હતા. તેઓએ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી તરીકે પણ ઉલ્લેખનીય સેવાઓ આપી હતી.



શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે થાનગઢના પિડિત પરિવારોએ ન્યાયીક માંગણીઓ નહીં સંતોષાતા ધરણા યોજ્યા હતા. આ ધરણામાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને અનુ.જાતિ આયોગના રાજુભાઈ પરમાર સહિત સમાજના આગેવાનો અને ભાઈ બહેનો હાજર રહ્યા હતા. પિડિત પરિવારોએ રાજ્યપાલ અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઝડપી ન્યાય મળે તે માટે રજુઆત કરી હતી.

## સૌરાષ્ટ્ર-કચ્છ તરફ જતી ૩૩ ટ્રેનોને ડાયવર્ટ કરાશે

ગાંધીનગર,તા.૧૮

પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેનું અમદાવાદ ડિવીઝન આગામી થોડા સમય બાદ ઉત્તર ભારતથી આવતી અને સૌરાષ્ટ્ર-કચ્છ તરફ જતી ૩૩ જેટલી ટ્રેનોને ચાંદલોડીયા રેલવે સ્ટેશન ડાયવર્ટ કરશે, જે અમદાવાદ બાયપાસ જશે. ત્યારે રાજકોટ, ગાંધીધામ, જામનગર તેમજ ગુજરાતના પશ્ચિમ ભાગમાં રહેતા શહેરીજનો કે જેઓ ટ્રેનમાં મુસાફરી કરે છે તેમને ખૂબ હાલાકી ભોગવવી પડશે.

પાલનપુરથી મધ્યગુજરાત તરફ જતી ટ્રેનો ખોડિયાર, ચાંદલોડીયાથી પસાર થઈને આંબલી રોડ જશે. ત્યારબાદ આ ટ્રેનો સૌરાષ્ટ્ર અને કચ્છ તરફ જશે. આના કારણે અમદાવાદ આવવા ઈચ્છતા લોકોએ ચાંદલોડીયા રેલવે સ્ટેશન અથવા તો આંબલી રેલવે સ્ટેશન જવું પડશે. તો જે મુસાફરો આંબલી રોડ પર ઉતરે છે અને તેમને અમદાવાદ રેલવે સ્ટેશનથી બીજી ટ્રેન પકડવાની છે, તો તે લોકોએ શહેરમાં ૧૩ કીલોમીટર સુધી જવું પડશે. કારણ કે ચાંદલોડિયા રેલવે સ્ટેશન અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનથી ૧૦ કિલોમીટર દૂર છે. અહીંયા પહોંચતા સુધીમાં મુસાફરોને ૩૦ મીનિટ જેટલો સમય લાગશે.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૩ કેસ સ્વાઈન ફલુના મળ્યા

**જિલ્લામાં બેકાબુ બનતો સ્વાઈન ફ્લુ, આ સિઝનમાં સ્વાઈન ફ્લુના ૪૮ કેસ થયા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુ બેકાબુ બની રહ્યો છે. આજે વધુ ૩ કેસ સ્વાઈન ફ્લુના મળી આવતાં જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૪૮ પર પહોંચી છે.

મળતી વિગતો મુજબ આજે મળી આવેલા ૩ કેસમાં બે મહિલા દર્દી અને ૧ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આજે મળી આવેલા દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સના આદેશો તંત્ર દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે.

આજે જે ત્રણ કેસ મળી આવ્યા છે તેમાં વડોદરા પ્રા.આ. કેન્દ્રના રણાસણ ગામના એક ૭૦ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે. જેમને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સુઘડ પ્રા.આ. કેન્દ્રના વિસ્તારમાં ૬૧ વર્ષીય વૃદ્ધાને પણ આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો છે. માણસા અર્બન હેલ્થ સેન્ટર વિસ્તારની એક ૩૨ વર્ષીય મહિલાને પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ત્રણેય દર્દીઓની હાલત સ્થિર છે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આજે પાંચ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લામાં નોંધાયેલા ૪૮ કેસ પૈકી ૪૩ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થઈ ચુક્યા છે તેવો દાવો તંત્રે કર્યો છે. જિલ્લામાં એકપણ દર્દીનું સ્વાઈન ફ્લુથી મૃત્યુ થયુ નથી તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. હાલ પાંચ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોમાં આ વખતે મહિલા દર્દીઓની સંખ્યા નોંધપાત્ર જોવા મળી છે અને વારંવાર બદલાઈ રહેલ હવામાન એ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. જોકે તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. જે કેસો નોંધાયા છે તે છુટા છવાયા કેસો છે.

## રાજયમાં હાર્દિક પટેલના પૂતળા દહન, હવે પત્રિકા વાયરલ થઈ

**અમદાવાદ, ગાંધીનગર સહિત આઠ સ્થળે હાર્દિક પટેલનું પૂતળા દહન : પાટીદાર સમાજમાં હાર્દિક વિરૂદ્ધ આક્રોશ**

પાસના નેતા હાર્દિક પટેલના કોંગ્રેસમાં જોડાયા બાદ સમગ્ર પાટીદાર સમાજમાં ધીરે ધીરે તેના તરફનો રોષ અને આક્રોશ વધી રહ્યા હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. ગઈકાલે પાસના સ્નેહમિલન કાર્યક્રમમાં હાર્દિક પટેલના ફોટા ફાડવા સાથે અલ્પેશ કથીરિયાના સમર્થકો સહિતના લોકોએ જોરદાર હોબાળો મચાવ્યા બાદ આજે પાટીદાર સમાજના નામે હાર્દિકના પૂતળા દહનની એક પત્રિકા વાયરલ થતાં ભારે ચકચાર મચી ગઈ છે. પાટીદાર સમાજના નામે વાયરલ થયેલી આ પત્રિકામાં અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ સહિત આઠ જગ્યાએ હાર્દિક પટેલનું પૂતળા દહનની વાત લખવામાં આવી છે પરંતુ કઈ તારીખે તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. પત્રિકામાં હાર્દિકને સમાજના ગદ્દાર તરીકે વર્ણવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારીણી બેઠક દરમિયાન પાટીદાર અનામત આંદોલનનો નેતા હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાયો હતો. ત્યારથી પાટીદાર સમાજ તેને સમાજનો ગદ્દાર માને છે. કેટલાક પાટીદાર આગેવાનોએ હાર્દિકના કોંગ્રેસમાં જોડાતા રોષ પણ વ્યક્ત કર્યો છે. ત્યારે સોશિયલ મીડિયામાં હાલ એક પાટીદાર સમાજની એક પત્રિકા વાઈરલ થઈ છે. જેમાં લખ્યું છે કે સમાજના ગદ્દાર હાર્દિક પટેલનો પૂતળા દહનનો કાર્યક્રમ પટેલ સમાજ દ્વારા સાંજે ૫થી ૭ વાગ્યા દરમિયાન રાખવામાં આવ્યો છે. આ પૂતળા દહન કાર્યક્રમ અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, નિકોલ, કડી, સાબરકાંઠા, ન્યૂ રાણીપ, કલોલ, ઘાટલોડિયામાં રાખવામાં આવ્યો છે. પત્રિકામાં આ તમામ સ્થળોમાં કયા વિસ્તારમાં પૂતળા દહન રાખવામાં આવ્યું છે તેનો પણ સ્પષ્ટ ઉલ્લેખ છે પરંતુ કઈ તારીખે પૂતળા દહન છે, તેની સ્પષ્ટતા નથી. તે આજની તારીખનો કાર્યક્રમ પણ હોઈ શકે તેવું કેટલાક પાટીદારો માની રહ્યા છે.




**શહીદ જવાનોના પરિવાર માટે ૨૭ હજારનો ફાળો**

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામના મિત્રમંડળ તરફથી ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પુલવામાં આતંકી હુમલામાં દેશના ૪૦ સી.આર.પી.એફ. જવાનો શહીદ થયા હતા. દેશ માટે સરહદ પર હુમલામાં શહીદ થયેલા જવાનોના પરિવાર માટે રાંધેજા ગામના મિત્રમંડળ દ્વારા સહીદ ફંડ ફાળા પેટે રૂ. ૨૭,૧૦૦ની રકમનો ચેક ગાંધીનગર ડેપ્યુટી કલેક્ટરશ્રીને અર્પણ કર્યો હતો.

## મોદીને મોંઘી પડી હતી વડોદરા બેઠક, વારાણસી સત્તામાં મળી

ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ લોકસભાની ૨૦૧૪ની ચૂંટણી જ્યારે લડી હતી ત્યારે તેમને હોમ સ્ટેટ ગુજરાતની વડોદરા બેઠક મોંઘી પડી હતી જ્યારે ઉત્તર પ્રદેશની નવી બેઠક વારાણસી મોદીને સત્તામાં મળી હતી. આ બેઠકના સાંસદ ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોષી હતા, તેમને બેઠક ખાલી કરાવીને મોદીએ વારાણસીથી ચૂંટણી લડવાનું પસંદ કર્યુ હતું.

૨૦૧૪માં મોદી વારાણસી અને વડોદરા એમ બે બેઠકો પરથી ચૂંટણી લડ્યા હતા અને વડોદરા બેઠક ખાલી કરી દીધી હતી. જે બેઠક ખાલી કરી તેમાં મોદીને સૌથી વધુ ખર્ચ થયો હતો. ભાજપના ચૂંટણી પંચને ચૂંટણી ખર્ચના આપેલા આંકડા પ્રમાણે મોદીએ વડોદરા બેઠક પર ૫૦.૦૪ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો જ્યારે વારાણસીમાં તેમને માત્ર ૩૭.૬૨ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો.

મોદીને બન્ને જગ્યાએથી મળેલા મતોની તુલનામાં વડોદરામાં એક મત મેળવવા માટે મોદીએ ૫.૯૨ થી ૮.૮૫ રૂપિયાનો ખર્ચ કર્યો છે જ્યારે વારાણસીમાં આ ખર્ચ ૫.૮૧ રૂપિયા થયો છે. મોદીએ વડોદરામાં જાહેર સભાઓમાં એક પણ રૂપિયાનો ખર્ચ કર્યો ન હતો, કારણ કે તેઓ સ્ટાર પ્રચારક અને વડાપ્રધાનના ઉમેદવાર હતા. મોદીએ વાહનો માટે ૫.૧૯ લાખ, પ્રચાર કાર્યકરો માટે ૬.૭૫ લાખ અને સ્થાનિક પ્રચાર માધ્યમો માટે ૪૩૨૫૦ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. હૉર્ડિંગ્સ અને પ્રચાર સામગ્રી માટે તેમણે ૩.૩૧ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો.

જેની સામે વારાણસીમાં મોદીએ જે ખર્ચ કર્યો હતો તે પૈકી ૯.૪૬ લાખ રૂપિયા સ્ટાર પ્રચારકો માટે કર્યો હતો. ચૂંટણી અભિયાન માટે તેમણે ૯.૪૧ લાખ રૂપિયા વાપર્યા હતા. વારાણસીના કાર્યકરો પાછળ મોદીએ ૪.૬૨ લાખ રૂપિયા, વાહનો માટે ૫.૦૫ લાખ રૂરિયા અને સ્થાનિક પ્રચાર માધ્યમ માટે ૩.૭૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. હવે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી મોદી વડોદરાથી લડવાના નથી.




## ગુજરાત ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક અંગે વિવાદ, ચૂંટણી પંચની સૂચના

ગાંધીનગર

ગુજરાત ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મુખ્યમંત્રીના સત્તાવાર સરકારી નિવાસસ્થાને યોજાઈ રહી હોવાથી સરકારી મશીનરીનો દુરપયોગ કરવા બદલ આ બેઠક સામે ચૂંટણી પંચમાં થયેલી ફરિયાદના આધારે ચૂંટણી પંચે ગાંધીનગર જિલ્લા કલેક્ટરને તપાસ કરવાના આદેશ કર્યા છે.

છેલ્લા બે દિવસમાં ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ઉમેદવારોની પસંદગી માટે મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને મળી રહી છે. ચૂંટણી પંચની આચાર સંહિતા પ્રમાણે સરકારી મકાન, ગેસ્ટહાઉસ કે મંત્રીના બંગલામાં રાજકીય પ્રવૃત્તિ થઈ શકતી નથી પરંતુ ભાજપે આ બેઠક મુખ્યમંત્રીના બંગલે કરતાં વિવાદ ઉભો થયો છે. આચાર સંહિતા ભંગની ફરિયાદ ચૂંટણી પંચને મળી છે.

ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક સામાન્ય રીતે પાર્ટીના કાર્યાલય કમલમ માં મળતી હોય છે. ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી કરવા માટે પાર્ટીએ અડાલજ પાસેના એક ફાર્મ હાઉસમાં બેઠકો કરી હતી પરંતુ લોકસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રીનો બંગલો પસંદ કરતાં ચૂંટણી પંચને જાણ કરવામાં આવી છે. ભાજપની આ બેઠક આવતીકાલે ત્રીજા દિવસે પણ મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળી રહી છે, ત્યારે તેને રદ કરવાની પણ ફરિયાદમાં માગણી કરવામાં આવી છે.